# વંશવાદ સામે વિકાસવાદનો સીધો જંગ : મોદી

## ભાટ ગામમાં લાખોની હાજરીમાં મોદીના કોંગ્રેસ પર તેજાબી પ્રહારો : કોંગ્રેસ પાર્ટી જામીન પર છે : વિકાસના મુદ્દે ચૂંટણી લડવાની કોંગ્રેસમાં તાકાત નથી

ગાંધીનગર,તા.૧૬ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રચારના ભાગરૂપે શંખનાદ ફૂકતાં આજે ભાજપના ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસની સરકાર અને ત્રણ પેઢીના વંશવાદે ગુજરાતને અને ગુજરાતીઓને કરેલા અન્યાયને લઈ મોદીએ આજે જાહેરમાં કોંગ્રેસની કરતૂતોનો પર્દાફાશ કર્યો હતો. જેમાં નર્મદા યોજનાથી લઈ સુજલાણ સુફલામ યોજના સહિતના વિકાસ કાર્યોમાં કોંગ્રેસે ભજવેલી નકારાત્મક ભૂમિકાઓને તેમણે ઉજાગર કરી હતી. વડાપ્રધાન મોદીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપના લાખોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા કાર્યકરોના સામર્થ્યને બિરદાવતાં અને તેઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, ભાજપના પ્રત્યેક કાર્યકર્તામાં પડેલી અસાધારણ શકિત અને સામર્થ્યને તેઓ સારી રીતે ઓળખે છે. આગામી ચૂંટણીનો જંગ એ વિકાસવાદ અને વંશવાદ વચ્ચેનો સીધો જંગ છે, જેમાં ભાજપનો વિકાસવાદ જીતશે અને કોંગ્રેસનો વંશવાદ હારશે. મોદીએ જીએસટીને લઈ વેપારીઓને આશ્વસ્થ કરી સંકેત આપ્યા હતા કે, હજુ પણ જીએસટીમાં વધુ ફેરફારો થશે મોદીએ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર સીધા પ્રહારો કરતાં એક તબક્કે જણાવ્યું કે, ભ્રષ્ટાચારના કેસમાં આ મા-પુત્ર અદાલતમાંથી જામીન પર છૂટેલા છે. આ કોંગ્રેસ પાર્ટી જમાનતી પાર્ટી છે. જેના મુખીયા ભ્રષ્ટાચારના દલદલમાં ફસાયેલા હોય તેઓ ગુજરાતના લોકોનું શું ભલું કરવાના અને ગુજરાતનો શું વિકાસ કરવાના?



મોદીએ કોંગ્રેસ સહિતના વિરોધીઓ પર ચાબખા વરસાવતાં જણાવ્યું કે, વર્ષોથી ગુજરાત અને ગુજરાતનીઓને આ લોકો અન્યાય કરતા આવ્યા છે. મોદી નોટબંધી અને જીએસટીના મુદ્દે પણ સ્પષ્ટ વાત કરી હતી. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કોંગ્રેસ પાર્ટી જામીન પર રહેલી પાર્ટી છે. ભ્રષ્ટાચારને પ્રશાહન આપી રહી છે.તેમણે કહ્યું હતું કે, સરદાર પટેલ, તેમની પુત્રી મણિબહેન પટેલ, મોરારજીભાઈ દેસાઈથી લઈ તમામ લોકો આ અન્યાયનો ભોગ બન્યા છે. નર્મદા યોજના એટલા માટે જ કોંગ્રેસે વર્ષો સુધી પૂરી ના થવા દીધી કારણ કે, તેની કલ્પના ગુજરાતના સપૂત સરદાર પટેલે કરી હતી. કોંગ્રેસની સરકાર પાલિતાણા ડેમની નહેર બનાવી શકયા નથી તે આજે અમને હિસાબ પૂછે છે. તેમણે ઉમેર્યું કે, એક તરફ દેશમાં વંશવાદમાં ઉછરેલી પાર્ટીઓ છે, જયારે બીજી તરફ દેશના વિકાસ માટે સમર્પિત સંકલ્પબધ્ધ પાર્ટી છે.

### કોંગ્રેસને મૂળિયા સાથે ઉખેડી ફેંકવાનુ અમિત શાહનુ સુચન

ભાજપના ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં આજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે રાજયના ખૂણેખૂણેથી આવેલા ભાજપના લાખો કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરતાં અને તેઓને ચૂંટણી ધ્યેયનું લક્ષ્ય સમજાવતાં જણાવ્યું હતું કે, આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દોઢસો પ્લસ બેઠકો લાવવાની છે એટલે કે, આ વખતે ત્રણ ચતુર્થાંશ બહુમતીથી જીતવાનું હોઈ પ્રતિષ્ઠાનો જંગ છે અને એટલે પક્ષના તમામ કાર્યકર્તા દિવાળી પછી લોકોના ઘેર-ઘેર પહોંચી આ માટે કાર્યરત થઈ જાય. તેમણે કાર્યકરોને આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને મૂળિયા સમેત ઉખેડી ફેંકવા પણ અનુરોધ કર્યો હતો. શાહે તેમના પ્રવચનમાં રાહુલ ગાંધી પર ફરી એકવાર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ અમેઠીમાં કલેકટર કચેરી નહી બનાવી શકનાર રાહુલ બાબા ગુજરાતના વિકાસનો હિસાબ માંગે છે. ગુજરાત વિકાસની મજાક ઉડાવનારાઓનો ગુજરાતની જનતા બદલો લેશે.

# ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ પ્રોજેકટ એ નવા વર્ષની ભેટ

અમદાવાદ, તા.૧૬ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં તેમના ડ્રીમ પ્રોજેકટ ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ પ્રોજેકટની વાત પણ કરી હતી. તેમણે તા.૨૨મી ઓકટોબરે આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાતની મુલાકાતે તેઓ ફરી આવવાના હોઈ અને પ્રોજેકટને લઈ ભારે ઉત્સાહિત હોવાનું સ્પષ્ટ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ પ્રોજકટના પરિણામે ભાવનગરથી ઘોઘાનું અંતર કાપતાં જયાં આઠ કલાક લાગતા હતા, તે આ પ્રોજેકટ બાદ એક કલાકમાં કપાશે. ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ પ્રોજેકટ એ દેશવાસીઓને ખાસ કરીને ગુજરાતના લોકોને નવા વર્ષની ભેટ હશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, હું નાનો હતો અને સ્કૂલમાં ભણતો હતો ત્યારે ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ વિશે વાંચતો હતો. કોંગ્રેસના બળવંતરાય મહેતાના શાસન વખતથી ઘોઘા-દહેજ રોરો ફેરી સર્વિસ પ્રોજેકટના વાયદા થતા આવ્યા છે પરંતુ તેનું કોઈ અમલીકરણ થયું ન હતું. સમગ્ર દેશમાં એક અજુબા જેવો આ પ્રોજેકટ છે. સૌરાષ્ટ્ અને દક્ષિણ ગુજરાત સહિતના લોકો માટે તે ચમત્કાર સર્જશે અને આશીર્વાદ સમાન બનશે. ભાવનગરથી ઘોઘા સુધીનું અંતર કાપતાં જયાં આઠ કલાક લાગતા હતા ત્યાં હવે માત્ર એક કલાકમાં જ આ અંતર કપાઈ જશે. હજુ તો આ પ્રથમ તબક્કો છે,

# હવે, ગુજરાતના ખેડુતોને વ્યાજ વગર પાક ધિરાણ

ગાંધીનગર,૧૬ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ધરતીપુત્રોના વિશાળ હિતમાં એક મહત્વનો સંવેદનશીલ નિર્ણય લઈને જાહેર કર્યું છે કે, ખેડુતોને હવેથી પાક ધિરાણ લોન શૂન્ય ટકા ઝીરો પર્સન્ટ વ્યાજે મળશે. રાજ્યના ૨૫ લાખ ખેડુત પરિવારોને આના પરિણામે વ્યાજના ચક્રમાંથી મુક્ત મળશે. વિજય રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયેલા ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં આ જાહેરાત કરતાં કહ્યું કે, પ્રવર્તમાન ધોરણે ૩ લાખની લોન ઉપર ૭ ટકાના વ્યાજ દરે ખેડુતોને પાક ધિરાણ અપાય છે. આ ધિરાણમાં ૩ ટકા કેન્દ્ર સરકાર તથા ૩ ટકા રાજ્ય સરકાર વ્યાજ સહાય કરે છે. માત્ર ૧ ટકા વ્યાજ દર ખેડુતોને ભોગવવું પડે છે. હવેથી આ ૧ ટકા વ્યાજ દરની રકમ પણ રાજ્ય સરકાર ભોગવશે અને ખેડુતોને કોઈ જ વ્યાજ ભરવાનું રહેશે નહીં. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આના પરિણામે રાજ્ય સરકારની તિજોરી ઉપર અંદાજે ૭૦૦ કરોડ ભારણ થશે. તેમણે એમ પણ જણાવ્યું કે, તિજોરી ધરતીપુત્રોના હિતમાં ખુલ્લી મુકીને સરકારે ખેડુત હિતલક્ષી આ ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે.

# કોંગ્રેસ મોદી અને ભાજપ કોંગ્રેસનો ભૂતકાળ ભૂલશે તો ગુજરાતને સ્વચ્છ પરિણામ મળશે

## ગુજરાતના સવા કરોડ મતદારોએ તો કોંગ્રેસની સરકારોનું શાસન જોયું પણ નથી

ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર આવી છે. કોંગ્રેસે સંપૂર્ણ સત્તા ૨૭ વર્ષ પહેલાં ભોગવી હતી અને ગુજરાત પર ૩૫ વર્ષ સુધી શાસન કર્યું છે. આજની નર્મદા યોજનાનો પાયો કોંગ્રેસની સરકારમાં નંખાયો હતો. આજે ભાજપ કોંગ્રેસની સરાકારોની ખોડ કાઢે, કોંગ્રેસની સરકારો સામે પ્રહારો કરે તેનો કોઈ મતલબ એટલા માટે નથી કે મતદારોની નવી પેઢી આવી ગઈ છે અને તેમાંના મોટાભાગના મતદારોએ કોંગ્રેસનું શાસન જોયું પણ નથી.

**વિકાસની વાતો થાય છે ત્યારે ૫ વર્ષનો એજન્ડા સાથે રાખીને પ્રચાર થવો જોઇએ**

ભારતના ચૂંટણી પંચના આંકડા પ્રમાણે ગુજરાતના ૪.૩૩ કરોજ મતદારો પૈકી એક કરોડ ૨૫ લાખ મતદારોનો જન્મ કોંગ્રેસની સરકાર ગયા પછી થયેલો છે. તેમણે તો ભાજપની સરકારો જ જોઈ છે. કોંગ્રેસને હંમેશા વિરોધપક્ષની છાવણીમાં જોયો છે. ગુજરાતમાં જ્યારે તોફાનો થતાં હતા, રાજ્યમાં જ્યારે જ્યારે પણ કરફ્યુ લગાવાયો છે ત્યારે આ મતદારો તેના સાક્ષી ન હતા. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને એક રાજકીય તજજ્ઞએ એવી સલાહ આપી છે કે- ભાજપે ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસની ગુજરાતની સરકારો પર પ્રહારો કરવા જોઈએ નહીં પરંતુ ભાજપ આવનારા પાંચ વર્ષમાં શું કરવા માગે છે તેનો ભાવિ પ્લાન આપવો જોઈએ અને તેના પર નિશાન તાકવું જોઈએ. ગુજરાતમાં આ તંદુરસ્ત લોકશાહની એક મિસાલ બની રહેશે.

બીજી તરફ કોંગ્રેસના નેતાઓ પણ નરેન્દ્ર મોદી અને ભાજપની સરકારની ટીકાઓ કરવાના બદલે કોંગ્રેસ પાંચ વર્ષમાં શું કરવા માગે છે તેનો રોડમેપ આપવો જોઈએ. લોકકલ્યાણની કઈ કઈ સ્કીમો કોંગ્રેસ ગુજરાતમાં લાવવા માગે છે તેની તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ. એક બીજા પર કાદવ ઉછાળતા નિવેદનો કરવાથી હલકી રાજનિતી ઉત્પન્ન થાય છે. હલકી રાજનિતીનો કિચડ આપણે આપણી ભાવિ પેઢી ઉપર લાદવો ન જોઈએ. ગુજરાતની આ બન્ને પાર્ટીઓના નેતાઓ આટલું સમજે તો તે ભારત દેશમાં એક દાખલારૂપ કેસ ગણાશે.

વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં પ્રથમ વખત ૧૧.૬૫ લાખ યુવા મતદારો મતદાન કરશે. આ મતદારોની ઉંમર ૧૮ થી ૧૯ વર્ષની છે. બીજી તરફ ગુજરાતમાં ૧૦થી ૨૯ વર્ષની વય ધરાવતા મતદારોની સંખ્યા એક કરોડ ક્રોસ કરી ગઈ છે. આ લોકોએ કોંગ્રેસનું શાસન જોયું નથી. ૨૦૧૨માં ચૂંટણી થઈ હતી ત્યારે મતદારોની સંખ્યા ૩.૮૧ કરોડ હતી હવે પાંચ વર્ષ પછી મતદારોની સંખ્યા વધીને ૪.૩૩ કરોડ થઈ છે. ગુજરાતની વસતી આજે ૬.૨૦ કરોડ અંદાજવામાં આવે છે ત્યારે વસતી પ્રમાણે મતદારોની ટકાવારી ૬૪.૩૬ થવા જાય છે.

ગુજરાતમાં ૩૦ થી ૩૯ વયની વયના મતદારોની સંખ્યા ૧.૧૨ કરોડ છે. આ લોકોએ કોંગ્રેસના શાસનને જોયાં છે. અનુભવ્યા છે. ૪૦ થી ૪૯ વયજૂથના મતદારોની સંખ્યા ૪૪ લાખ છે જ્યારે ૫૦ થી ૫૯ વર્ષની વય ધરાવતા મતદારોની સંખ્યા ૬૨ લાખ છે. રાજ્યમાં ૬૦ થી ૬૯ વર્ષના મતદારો ૩૬ લાખ છે. રાજ્યમાં ૭૦ થી ૭૯ વયના ૧૮ લાખ મતદારો છે. આશ્ચર્ય એ વાતનું છે કે ગુજરાતમાં ૮૦ થી ઉપરની વય ધરાવતા મતદારોની સંખ્યા ૬.૨૬ લાખ છે. એનો મતલબ એ થયો કે હજી આ લોકો મતદાન કરી રહ્યાં છે.




એક હકીકત એવી છે કે ગુજરાતના યુવા મતદારો અને મહિલાઓ નરેન્દ્ર મોદી પાછળ પાગલ છે. તેમને મોદીમાં તેમનો ચહેરો દેખાય છે. આ મતદારોના મન બદલવા કોંગ્રેસ માટે કઠીન કામ છે પરંતુ મોદી જેવી વાકછટા હોય તેવા નેતાને કોંગ્રેસે પ્રોજેક્ટ કરવા જોઈએ. ગુજરાતમાં હવે વોટબેન્કની રાજનિતી ચાલવાની નથી. વિકાસના નામે મતો મળતા નથી એ પણ એક હકીકત છે પરંતુ ભાજપને એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરનો આ વખતે અનુભવ થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભાજપ માટે નોટબંધી અને જીએસટી પછીની સ્થિતિ યુવાનો અને મહિલાઓને થોડાં અળગા કરશે તેવું અનુમાન છે ત્યારે મોદીએ પાંચ વર્ષનો ગુજરાતનો મજબૂત એજન્ડા જનતા સમક્ષ મૂકવો જોઈએ.

**યુવાનો અને મહિલાઓને મોદીમાં વિશ્વાસ પરંતુ તેમની નિતીઓથી નફરત છે**

